પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ,અમદાવાદ
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯ ૨૫૬૩૩૪૦૦.
Email:Spl1-ahd@gujarat.gov.in

## "કર્ફ્યુ હુકમ"

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે હુકમ
નંબર-વિ.શા/જાહેરનામું/એ-સેકશન/ ૬૯/૨૦૨૦ તા-૨૦/૧૧/૨૦૨૦

વંચાણે લીધા:- (૧) ગૃહ મંત્રાલય ભારત સરકારના હુકમ ક્રમાંક: 40-3/2020-DM-I(A) તા.૨૭/૧૦/૨૦૨૦ તથા,
(૨) ગુજરાત સરકારના હુકમ ક્રમાંક : જીજી/૭૫/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૦૨/૧૧/૨૦૨૦,
(૩) અમદાવાદ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીના તા-૧૯/૧૧/૨૦૨૦ ની નોંધ આધારે.

સમગ્ર દેશમાં COVID-19 ની અસરોને ધ્યાને લેતાં National Disaster Management Authority ના નિર્દેશો મુજબ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.30/09/૨૦૨૦ ના હુકમ ક્રમાંક : 40-3/2020-DM-I(A) થી બહાર પાડવામાં આવેલ ગાઇડ લાઇનની અવધિ તા.૨૭/૧૦/૨૦૨૦ ના હુકમ ક્રમાંક : 40-3/2020-DM-I (A) થી તા.30/૧૧/૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ છે. કન્ટેઇનમેન્ટ ઝોનમાં તા.30/૧૧/૨૦૨૦ સુધી લોકડાઉનની અવધિ લંબાવવામાં આવી છે, તથા કન્ટેઇનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં તા.30/09/૨૦૨૦ ના હુકમ અનુસારની માર્ગદર્શક સુચનાઓ અનુસાર નિયત પ્રવૃતિઓ ચાલું રાખવા હુકમ કરવામાં આવેલ છે.

ભારત સરકારના ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ, ૨૦૦૫ તેમજ ધી એપેડેમિક ડીસીઝ એકટ, ૧૮૯૭ રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન ઓથોરિટી (એન.ડી.એમ.એ.) દ્વારા કોરોનાને વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. હાલમાં અમદાવાદ શહેરમાં તહેવારના સમય દરમ્યાન બજારોમાં ખુબજ ભીડ જોવા મળેલ તેમજ હરવા-ફરવાની તથા ખાણી-પીણીની જગ્યાઓ ઉપર પણ ખુબજ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય છે હાલમાં શિયાળાની ૠતુનું પ્રારંભ થયેલ છે આ બધા કારણોસર કોરોના સંક્રમણ વધુ ન ફેલાય તે હેતુસર, લોકોના સ્વાસ્થ્ય, સુરક્ષા અને જાહેર જનતાના હિતમાં ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે પગલા લેવા માટે અને પ્રવર્તમાન પરીસ્થિતીને લક્ષમાં લઈ જાહેર જનતાના હિતમાં નીચે મુજબનો હુકમ કરુ છું;

આથી, હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર નાઓ ફરમાવુ છું કે, તા-૨૦/૧૧/૨૦૨૦ ના રાત્રિના કલાક ૨૧/00 થી તા-૨૩/૧૧/૨૦૨૦ ના સવારના 0૬/00 દરમ્યાન અમદાવાદ શહેરના રહેવાસીઓએ પોતાના રહેણાંક મકાનની બહાર નિકળવું નહી. તેમજ કોઇપણ માર્ગ, જાહેર રાહદારી રસ્તાઓ, રાજમાર્ગો, શેરીઓ, ગલીઓ, પેટા ગલીઓમાં તથા જાહેર જગ્યાઓ ઉપર ઉભા રહેવું નહી અથવા પગપાળા કે વાહનો મારફતે હરવું-ફરવું નહી.

### -:વિસ્તાર:-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

### -:અપવાદ:-

નીચે જણાવેલ સેવાઓ સાથે સંકળાયેલ વ્યક્તિઓ/ સંસ્થાઓને ઉપરોકત હુકમ પાલનમાંથી મુક્તિ આપવામાં આવે છે

1. જાહેર ઉપયોગીતા જેવી કે પેટ્રોલીયમ સીએનજી, એલપીજી, પીએનજી, પાણી, સ્વચ્છતા સહિતની સેવાઓ, વીજ ઉત્પાદન અને ટ્રાન્સમિશન એકમ, ટેલિકોમ્યુનિકેશન સર્વિસીસ, રાષ્ટ્રીય માહિતી કેન્દ્ર, પ્રારંભીક ચેતવણી એજન્સી.
2. પોલીસ, હોમગાર્ડઝ, સિવિલ ડિફેન્સ, ફાયર એન્ડ ઈમરજન્સી સેવાઓ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, સંરક્ષણ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ, જેલો અને મ્યુનિસીપલ કોર્પોરેશનની આવશ્યક સેવાઓ.

3. જાહેર અને ખાનગી ક્ષેત્ર સહિતના તમામ તબીબી સેવાઓ તથા ઈ-કોમર્સ દ્વારા, ફાર્માસ્યુટિકલની હોમ ડિલવરી.

4. દૂધ વિતરણ.

5. ઇલેક્ટ્રોનીક મીડીયા, પ્રિન્ટ મીડીયા.

6. ખાનગી સીક્યુરીટી સેવાઓ.

7. આવશ્યક ચીજવસ્તુઓના ઉત્પાદન એકમો, ફાર્માસ્યુટીકલ તથા જે ઉત્પાદન એકમોમાં સતત પ્રક્રિયાની જરૂર પડે છે.

8. અંતિમ સંસ્કારના કિસ્સામાં, વીસ જેટલા વ્યક્તિઓ ભેગા થઈ શકે તે રીતે પરવાનગી આપી શકાશે.

9. લગ્ન પ્રસંગમાં સ્થાનિક પોલીસ સ્ટેશનની મંજુરી અનુસાર.

10. રેલ્વે અને એરપોર્ટ પર માલસામાનની હેરેફેર માટેની પ્રવૃત્તિઓ.

11. રેલ્વે તથા હવાઈમાર્ગે અવર-જવર કરનાર મુસાફરોને લેવા તથા મુકવા માટે માન્ય ટિકીટ રજૂ કર્યેથી મંજુરી જે માટે જ ટેકસી તથા રેડિયો કેબ સેવાઓ ચાલુ રહેશે.

12. ATM બેન્કીંગ ઓપરેશનના IT વેન્ડરો સહિત, ATM ઓપરેશન અને રોકડ વ્યકસ્થાપન એજન્સીઓ.

13. તમામ પ્રકારના માલસામાનનું પરિવહન.

14. **NIC Scientist-B, CGL Tier-3, CSIR NET Exam, CA, SSC** વિગેરે અન્ય માન્ય પરીક્ષાઓ આપવા જતા **પરીક્ષાર્થીઓને માન્ય પ્રવેશપત્ર/ઓળખપત્રના આધારે લેવા તથા મુકવા જવા માટેની મંજુરી.**

15. ભારત સરકારના તથા ગુજરાત સરકારના વખતો વખતના સુધારા આદેશોને આધીન અપવાદો.

16. પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરનાઓ તરફથી ફરજના ભાગરૂપે અનિવાર્ય સંજોગોમાં આવવા-જવા માટે ખાસ પરવાનો આપવામાં આવેલ હોય તેવા વ્યક્તિઓ.

17. ઉપરોકત તમામ છુટછાટો સોશીયલ ડીસ્ટન્સીંગ, ફેસ કવર, હેન્ડ સેનીટાઇઝેશન વિગેરે સંબંધમાં COVID-19ની માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાની શરતે આપવામાં આવે છે.

**-:શિક્ષા:-**

**આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮, અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act, 2005 ની કલમ ૫૧ થી ૬૦ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.**

**-:જાહેર વિજ્ઞાપન:-**

**હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્રો ઉપરથી પ્રસિધ્ધ કરાવવું.**

**આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮ અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act, 2005 ની કલમ ૫૧ થી ૬૦ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.**

**આજ તા.૨૦/૧૧/૨૦૨૦ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.**

**(સંજય શ્રીવાસ્તવ)**
**પોલીસ કમિશ્નર**
**અમદાવાદ શહેર**